૫૬૨-૮૨૨

ક્રમાંક:ખ-2/પ્રાથમિક/2017-18
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવન સામે,
કારેલીબાગ વડોદરા
તા.11/01/2018

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
તમામ નોન ગ્રાન્ટેડ બિન સરકારી પ્રાથમિક/માધ્યમિક/
ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, વડોદરા શહેર, જિલ્લો

વિષય: તા.12/01/2018 ના રોજ ગુજરાત રાજ્ય વાલી મંડળ તરફથી આપવામાં આવેલ શાળા બંધ એલાન અંગે

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે બિન સરકારી નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની ફી બાબતે ગુજરાત રાજ્ય વાલી મંડળ તરફથી તા.12/01/2018 ના રોજ શાળા બંધનું એલાન આપવામાં આવેલ છે. સદર દિવસે વાલી મંડળના પ્રતિનિધિ તરફથી રજૂઆત/આવેદન પત્ર આપવામાં આવે તો શાળાના આચાર્ય/જવાબદાર વ્યક્તિ તરફથી સ્વીકાર કરવા અને તેમની રજૂઆત શાંતિથી સાંભળવા જણાવવામાં આવે છે. અને કોઈપણ પ્રકારનું ઘર્ષણ ન થાય તે મુજબ ની કાર્યવાહી શાળાએ કરવાની રહેશે.

આ કચેરીના તા.05/01/2018 ના પરિપત્રની સૂચના મુજબ તમામ સ્વનિર્ભર શાળાઓએ પરિપત્ર સાથે આપવામાં આવેલ નમૂના મુજબની સૂચના શાળાના નોટિસ બોર્ડ/વેબસાઇટ ઉપર વાલીઓને દેખાય તે રીતે મૂકવા સૂચના આપવામાં આવેલ છે. જેનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

તાત્કાલિક

ક્રમાંક:FRC/૨૦૧૮/ ૪૪૩-૧૧૪૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

અનાવિલ ભવનની સામે,

કારેલીબાગ,વડોદરા

તા:૦૫/૦૧/૨૦૧૮

પ્રતિ,

આચાર્યશ્રી,

સ્વનિર્ભર (નોન ગ્રાન્ટેડ) શાળાઓ,

પ્રિ.પ્રાથમિક/પ્રાથમિક/માધ્યમિક/ઉ.મા.શાળાઓ

તમામ બોર્ડ તમામ માધ્યમ,

જિલ્લો: વડોદરા

વિષય: ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ શાળાઓની ફી બાબતે વાલીઓ/જાહેર જનતાને નોટીસ બોર્ડ/વેબસાઈટ દ્વારા માહિતગાર કરવા બાબત.

સંદર્ભ:- ક્રમાંક:બમશ/૧૨૧૮/૦૪/છ,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તા:૦૪/૦૧/૨૦૧૮નો પત્ર

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન)અધિનિયમ-૨૦૧૭ને નામદાર હાઈકોર્ટ તા:૨૭/૧૨/૨૦૧૭ના જજમેન્ટથી માન્ય ઠરાવેલ છે. તેના સંદર્ભમાં દરેક સ્વનિર્ભર શાળાઓએ આ સાથે સામેલ લખાણ મુજબની સૂચના શાળાના નોટીસ બોર્ડ/વેબસાઈટ ઉપર, વાલીઓને દેખાય તે રીતે મુકવા,સૂચના આપવા જણાવવામાં આવે છે. જે સ્વનિર્ભર શાળાઓને શૈક્ષણિક વર્ષ-૨૦૧૭-૧૮નો અત્રેની ફી નિયમન સમિતિએ કરી આપેલ ફી હુકમ પણ આપની નોટીસ બોર્ડ/વેબસાઈટ પર મૂકવા જણાવવામાં આવે છે. આ સૂચનાનું પાલન દરેક સ્વનિર્ભર શાળાઓ દ્વારા ચુસ્તપણે કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી

વડોદરા

બિડાણ:- સંદર્ભદર્શિત પત્ર અને નોટીસ બોર્ડ/વેબસાઈટ ઉપર જાહેર કરવાની સૂચના

નકલ રવાના:- શિ.નિ.,મ.શિ.નિ. સદર કચેરી આપના તાબાની તમામ સ્વનિર્ભર શાળાઓમા ઉક્ત સૂચનાનું ચુસ્તપણે અમલ વ જાણ કરવા સારૂ.

તાત્કાલિક

ક્રમાંક:બમશ/૧૨૧૮/૦૪/છ

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તા.૦૪/૦૧/૨૦૧૮

પ્રતિ,

૧).સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,

૨).સર્વે પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ

વિષયઃ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ શાળાઓની ફી બાબતે વાલીઓ/ જાહેર જનતાને નોટીસ બોર્ડ/વેબ સાઈટ દ્વારા માહિતગાર કરવા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ને નામદાર હાઈકોર્ટે તા.૨૭/૧૨/૨૦૧૭ના જજમેન્ટથી માન્ય ઠરાવેલ છે. તેના સંદર્ભમાં દરેક સ્વનિર્ભર શાળાઓએ આ સાથે સામેલ લખાણ મુજબની સુચના શાળાના નોટિસબોર્ડ/શાળાની વેબસાઈટ ઉપર, વાલીઓને દેખાય તે રીતે મુકવા, સુચના આપવા જણાવવામાં આવે છે. આ સુચનાનું પાલન દરેક સ્વનિર્ભર શાળાઓ દ્વારા કરવામાં આવે તેની તકેદારી રાખવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ

બિડાણ : ઉપર મુજબ

(એસ.બી.કરોડે)

સેક્શન અધિકારી

શિક્ષણ વિભાગ

નકલ રવાના:

૧). નિયામકશ્રી, શાળાઓ,ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

૨). નિયામકશ્રી, પ્રા.શાળાઓ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૩). સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના:

સિસ્ટમ મેનેજરશ્રી, આઈ.ટી.શાખા, શિક્ષણ વિભાગ.

૨.આ સાથે સામેલ લખાણની વિગતો વિભાગની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ્ડ સ્કૂલ્સ (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ને નામ.હાઈકોર્ટે માન્ય ઠરાવેલ છે ત્યારે દરેક શાળાઓએ નીચે મુજબની વિગતો નોટિસ બોર્ડ / વેબસાઈટ ઉપર જાહેર કરવાની રહેશે.

## શાળાની ફી બાબતે અગત્યની સૂચના.

તા.

..................................શાળાએ ફી નિયમન સમિતિ................ઝોન સમક્ષ શાળાની વર્ષ ૨૦૧૭-૧૮ના શૈક્ષણિક વર્ષ માટે દરખાસ્ત/એફીડેવિટ રજૂ કરેલ છે/નથી. સમિતિ દ્વારા ફી નિર્ધારિત કરવા અંગેનો હુકમ મળ્યેથી, જો શાળાએ વધુ ફી વસૂલ લીધેલ હશે તો તે વાલીશ્રીને પરત/સરભર કરવા માટે શાળા આથી બાંહેધરી આપે છે.

ફી નિયમન અધિનિયમની કલમ 2(g) માં ઉલ્લેખ થયા મુજબ 'પ્રવેશ ફી' (admission fee} એક માસની 'શિક્ષણ ફી'થી વધુ વસૂલ લેવામાં આવી હશે તો તે પણ પરત/સરભર કરવા શાળા આથી બાંહેધરી આપે છે.

આચાર્યશ્રી / વહીવટદારશ્રી